બનાસકાંઠા જિલ્લામાં જળક્રાંતિના પગરણ

૩ તાલુકાના ૧૨૩ ગામોને રૂ. ૧૧૦ કરોડના ખર્ચે પેયજળ યોજનાનું લોકાર્પણ

પાલનપુર, તા.૧૦

મુખ્યમંત્રી શ્રીમતિ આનંદીબેન પટેલે રાજયના સર્વગ્રાહી વિકાસ માટે પાયાની માળખાકીય સુવિધાઓ દરેક નાગરિક જન-જનને પહોંચાડવાની ગતિશીલતાની સ્પષ્ટ નેમ વ્યક્ત કરી છે.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે માનવ જીવન માટે અનિવાર્ય એવા પાણીની પણ સરળ-સલામત અને સુનિશ્ચિત ઉપલબ્ધિ માટે રાજય સરકારે બહુઆયામી આયોજનથી સૌના ઘર ઘર પાણી પહોંચાડવાનો પુરુષાર્થ યજ્ઞ આદર્યો છે.

આ પુરૂષાર્થને પરીણામે હવે ઉત્તર ગુજરાતનો બનાસકાંઠા જિલ્લો અને સમગ્ર ઉત્તર ગુજરાત -દેશ ઉત્તમ ગુજરાત બનાવવાની દિશામાં આગેકદમ ભરી રહ્યો છે. તેનો આંનદ તેમણે વ્યકત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ રાજયમાં સર્વગ્રાહી વિકાસ માટે પાણીને એક આવશ્યક પરિબળ વર્ણવતા નર્મદા કેનાલોના રાજય વ્યાપી નેટર્વકથી પાણી ખેતર-ઘર સુધી પહોંચાડવા કેનાલો માટે જમીન આપનારા ધરતીપુત્રોને બિરદાવ્યા હતા.

મુખ્યમંત્રીશ્રીએ કિસાનોને વિશ્વાસ આપ્યો હતો કે વિકાસના જનસેવા કામો માટે જમીન સંપાદન કરવામાં પણ પ્રથમ અગ્રતા તો સરકારી પડતર જમીનોને જ અપાશે.

તેમણે એમ પણ કહ્યું કે જમીન સંપાદન પ્રશ્ને ધરતીપુત્રોમાં -વર્તતી ગેરસમજ અને ખોટા અર્થઘટનો દૂર કરવા કેન્દ્રની સરકારે સ્વયંસ્પષ્ટ દિશા નિર્દેશો આપેલા છે. એટલે રાજય કે કેન્દ્ર સરકાર જબરજસ્તી જમીન સંપાદિત કરશે તેવા અપપ્રચાર અને ગપગોળા ફેલાવનારાઓ દેશ-રાજયના વિકાસયજ્ઞમાં રોડાં નાંખનારા વિરોધીઓ છે.

મુખ્યમંત્રીશ્રીએ આજે બનાસકાંઠા રણકાંધી વિસ્તારોના ત્રણ તાલુકાના ૧૨૩ ગામોને પીવાનું શુધ્ધ પાણી પુરુ પાડતી રૂ. ૧૧૦ કરોડની દાંતીવાડા ડેમ આધારીત જૂથ પાણી પુરવઠા યોજનાનું પ્રજાર્પણ કર્યુ હતું.

શ્રીમતી આનંદીબહેન પટેલે જળ સંપતિ વિભાગ દ્વારા રૂ. ૪૧૮ કરોડની દાંતીવાડા -સીપુ યોજનાનું પણ લોકાર્પણ સંપન્ન કર્યુ હતું. આ યોજનાને પરિણામે ૬ તાલુકાના ૪૬ ગામોની ૯ હજાર હેકટર જમીનને સિંચાઈ સહુલિયત તથા ત્રણ લાખની માનવ વસતિને પાણી સવલત મળતી થઈ છે.

મુખ્યમંત્રીશ્રીએ રાજય સરકારની જનસેવા પ્રતિબધ્ધતાનો પુનરોચ્ચાર કરતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, અંતરિયાળ રણ વિસ્તાર કે આમ આદમી હોય કે ધરતીપુત્ર- ખેડૂત હોય સૌને પુરતું અને શુધ્ધ પાણી મળે તેવી જળ સલામતી ગુજરાતમાં સુનિશ્ચિત કરી છે. તેમણે રાજયવ્યાપી વોટરગ્રીડ અને પાઈપલાઈનના ૨૬૦૦ ઉપરાંત કિ.મી.નું બલ્ક પાઈપલાઈન નેટવર્કથી સોરાષ્ટ્ર-કચ્છ -ઉતર ગુજરાત અને પંચમહાલના ૯,૬૩૩ ગામો અને ૧૩૧ શહેરોને નર્મદા મૈયાના જળ પહોંચાડવાનો કર્મયોગીઓનો પુરુષાર્થ અને શ્રમયજ્ઞ રંગ લાવ્યો છે. તેમ આ કર્મયોગીઓને અભિનંદન આપતાં જણાવ્યું હતું.

શ્રીમતી આંનદીબહેને ઉમેર્યુ કે, પાણી પુરવઠા અને સિંચાઈની આ યોજનાઓ કાર્યાન્વીત થતાં જળ સમસ્યાનો હાથવગો તારણોપાય આ વિસ્તારને મળ્યો છે. જે વિકાસના નવાં દ્વાર ખોલશે. શ્રીમતી આનંદીબહેને ઘર આંગણે જળ સવલત મળતી થતાં હવે સ્વચ્છતા-સ્વસ્થતા માટે ઘર ઘર શૌચાલયના સંકલ્પને પણ સો ટકા પાર પાડવા નારી શક્તિને આહવાન કર્યુ હતું.

કેન્દ્રીય ગૃહ રાજય મંત્રીશ્રી હરીભાઈ ચૌધરીએ કહ્યું કે બનાસકાંઠા જિલ્લાની વિકાસકૂચમાં આજે એક વધુ પીછુ ઉમેરાયું છે. જેનાથી આ વિસ્તારના પાણીના -શ્રોનું સુખદ અને કાયમી નિરાકરણ આવ્યું છે.

પાણી પુરવઠા મંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગતિશીલ ગુજરાતના પ્રણેતા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલના શાસનમાં વિકાસકૂચ ઝડપી ગતિએ દોડી રહી છે. તેમણે કહ્યું કે સમગ્ર દેશમાં પ્રજાને ફ્લોરાઈડમુક્ત પાણી આપવામાં ગુજરાત પ્રથમ રાજય છે. તેમણે ઉમેર્યુ કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને નરેન્દ્રભાઈ મોદીની દીર્ઘદ્રષ્ટી અને અથાક પ્રયાસોના મીઠાં ફળ ગુજરાતને મળી રહ્યા છે. તેમણે પાણી પુરવઠા વિભાગ ધ્વારા રાજયમાં ઉપલબ્ધ પીવાના પાણીની સુવિધા વિશે વિગતો આપતાં લોકોને અનુરોધ કર્યો કે પાણીનું મૂલ્ય સમજી તેનો કરકસર અને કાળજીભર્યો ઉપયોગ કરીએ.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ તથા વાહન વ્યવહાર રાજય મંત્રી શ્રી શંકરભાઈ ચૌધરીએ ઘણા વર્ષોથી નર્મદાના પાણીની રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું આ સરકારે સાકાર કર્યુ છે તેનો હર્ષ જિલ્લાની જનતાવતી વ્યકત કર્યો હતો. તેમણે કહ્યું કે નર્મદાના નીરથી સુકા અને રણ વિસ્તારમાં હવે હરીયાળી અને સુખાકારી જોવા મળે છે.

બનાસકાંઠામાં પાણીની સમસ્યા સામે અચ્છે દિનની શરૂઆત

દાંતીવાડા ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ હસ્તે રૂ. ૫૨૮ કરોડની પાણીની યોજનાનું લોકાર્પણ

ડીસા, તા.૧૦

સરહદી એવા બનાસકાંઠા જીલ્લાવાસીઓં માટે પાણી ની વિકરાળ સમસ્યા સામે નાં કાયમી ઉકેલ માટે રાજયના મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે ભગીરથ કામગીરી કરતા અહી હવે 'અચ્છે દિન'નું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે, જેમાં આજરોજ દાંતીવાડા ખાતે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ નાં વરદહસ્તે દાંતીવાડા ડેમ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના અન્વયે દાંતીવાડા મુખ્ય હેડ ક્વાર્ટસ ઉપર ૪ કરોડ લીટરની ક્ષમ્તા સાથેનો શુધ્ધીકરણ પ્લાન્ટ સહીત પાણીની રૂ. ૫૨૮ કરોડ સંખ્યાબંધ યોજનાનું લોકાર્પણ કરાયું હતું

દાંતીવાડા ખાતે પધારેલા રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલે દાંતીવાડા ખાતે રૂ,૧૧૦ કરોડ ની દાંતીવાડા ડેમ આધારિત જૂથ પાણી પુરવઠા યોજના અને રૂ,૪૧૮ કરોડ ની દાંતીવાડા સીપુ પાઈપલાઈન યોજના મળી કુલ રૂ, ૫૨૮ કરોડ ની પાણીની યોજનાઓનું લોકાર્પણ કર્યું હતું, આ લોકાર્પણ પ્રસંગે કેન્દ્રીય રાજય કક્ષાના મંત્રી હરિભાઈ ચોધરી, વાહનવ્યવહાર મંત્રી વિજયભાઈ રૂપાણી, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી રમણભાઈ વોરા પ્રવાસન અને પાણી પુરવઠા મંત્રી જયેશ રાદડિયા, તેમજ શહેરી ગૃહ નિર્માણ મંત્રી શંકરભાઈ ચોધરી સહીત અનેક મંત્રી આગેવાનો હાજર રહ્યા હતા,

આ પ્રસંગે મુખ્ય મંત્રી આનંદીબેન પટેલે આ લોકોપયોગી યોજનાની માહિતી આપી હતી, તેમને રાજય સરકારના વિકાસ કાર્યો ને વેગ આપવાની તેમની સરકાર કટીબધ્ધતા દર્શાવી હતી, તેમને કેન્દ્ર સરકાર દ્વારા મુકાયેલા જમીન અધિગ્રહણ કાયદાની સમિક્ષા કરતા જણાવેલ કે વિપક્ષો આ બીલ મામલે ભ્રમણા ફેલાવી રહ્યા હોવાનું જણાવ્યું હતું , તેમને ઘેર ઘેર શોચાલય બનાવી આપવાની સરકારની નેમ પુનઃ દોહરાવી આ કામગીરી ૧૦૦ ટકા પૂર્ણ કરાશે તેવું જણાવ્યું હતું,આ લોકાર્પણ પ્રસંગે અનેકો સામાજિક સંસ્થા, તેમજ વિવિધ ક્ષેત્ર નાં આગેવાનો સ્વયંભુ સરકાર સાથે જનભાગીદારીમાં જોડાવવા આગળ આવ્યા હતા, અને મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સમક્ષ પોતાનું યોગદાન ધર્યું હતું,

આ યોજનાથી ડીસા, દાંતીવાડા, પાલનપુર, અને અમીરગઢ, તાલુકાના કુલ ૧૨૩ ગામ અને પરાઓં ની ૨,૯૨,૨૬૪ વસ્તીને પીવાનું શુદ્ધ પાણી મળશે,તેમજ કાંકરેજ તાલુકાના ચાંગાથી દાંતીવાડા સીપુ સુધીની ૭૯ કી.મી. લાંબી પાઈપલાઈન દ્વારા નર્મદાનું પાણી દાંતીવાડા ડેમ તથા દાંતીવાડા અને સીપુ ડેમનાં કમાંડ વિસ્તારમાં નાખવામાં આવશે,આ યોજનાથી બોર્ડર સિક્યોરીટી ફોર્સ નાં જવાનો પણ લાભાંકિત થયા છે કેમકે, બનાસકાંઠા જિલામાં આવેલ ભારત પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય બોર્ડર ઉપર દેશની સુરક્ષા માટે ૩૧ ચોકીઓં ઉપર આપના જવાનો વનો દિવસ રાત્રી પહેરો ભરી રહ્યા છે, અહી શુદ્ધ પીવાનું પાણી અગાઉ ટેન્કરો દ્વારા પહોચાડવામાં આવતું હતું, જોકે આજે ગુજરાત સરકારની આ યોજના થી રાજસ્થાન થી કચ્છ સુધી ભારત પાકિસ્તાન ની સરહદ ઉપર આવેલ ૩૧ ચોકીઓં પર શુદ્ધ અને પુરતું પીવાનું પાણી પહોચાડવાની કામગીરી રૂ, ૫.૭૪ કરોડના ખર્ચે પૂર્ણ કરાઈ છે આજે આયોજના નું મુખ્ય મંત્રી હસ્તે લોકાર્પણ થયું હતું, યોજના થકી જંકશન પોઈન્ટ ૯૬૦ થી ઉત્તરે અને દક્ષિણ તરફ ૧૩૦ કી,મી, સુધી ફેલાયેલી ૩૧ ચોકીઓં પર રોજનું ૩ લાખ લીટર પાણી પાઈપલાઈન દ્વારા આપણા જવાનો શુદ્ધ પીવાનું પાણી મેળવી શકશે

બનાસકાંઠા માં પહેલી વખત એક સામટી કરોડોની પીવાના પાણીની વિવિધ યોજનાનું લોકાર્પણ થતા સમગ્ર જીલ્લામાં ખુશીની લાગણી છવાઈ છે, સરકારના લોકોપયોગી પગલાં ને અહી હાજર હજારો ની માનવમેદની એ વધાવી લીધા હતા, આમ, સરકારની આ મહત્વકાંક્ષી યોજનાનાં અમલીકરણ થી બનાસકાંઠા વાસીઓ માટે પાણીની પીડાનો કાયમી ઉકેલ આવતા અહી અચ્છે દિનની શરૂઆત થઈ છે,

શબ્દાવલી - ૫૬૯૭

૧		૨	૩	■	૪		૫
	■	૬		૭	■	■	
૮	૯	■	૧૦		■	૧૧	■
■	૧૨	૧૩	■	૧૪	૧૫		૧૬
૧૭			■	■	૧૮		
■	૧૯		૨૦		■	■	
૨૧	■	૨૨		■	૨૩	૨૪	
૨૫		■	■	૨૬			■

આડી ચાવી

૧. આરોપ (૪)
૪. મુખ, ચહેરો (૩)
૬. ઝંડો, ભારતનો રાષ્ટ્રીય ધ્વજ (૩)
૮. રોજ, હંમેશા (૨)
૧૦. ભીમનું શસ્ત્ર (૨)
૧૨. રબારીનો વાસ (૨)
૧૪. વિચારભેદ (૪)
૧૭. નાશવંત (૩)
૧૮. ડગલું, પગલું (૩)
૧૯. ફોનનું માઉથપીસ (૪)
૨૨. યુક્તિ, એક થવું (૨)
૨૩. મંત્રી, ગામડામાં મહેસુલ સંબંધી કામ કરનાર કર્મચારી(૩)
૨૫. નથણી (૨)
૨૬. ખુબ, અતિશય (૩)

ઊભી ચાવી

૧. અંધારું (૩)
૨. બુદ્ધિ (૨)
૩. પાણીની લહેર, મોજુ (૩)
૫. આંગળીથી... વેગળા (૨)
૭. વખાર (૨)
૯. દાન કરનાર કર્ણનું ઉપનામ (૪)
૧૧. ભેટી ના શકાય તેવું (૩)
૧૩. દિવેલ જેવું તેલ, સરસૌ(૪)
૧૫. મોકો (૨)
૧૬. ધમકી, લુખ્ખી (૪)
૨૦. કોઇકના બદલે (૨)
૨૧. જંગલ, વગડો (૨)
૨૩. અને (૨)
૨૪. મોકો, તક (૨)

શબ્દાવલી ૫૬૯૬ના જવાબ

આડી ચાવી :- (૧) સેતુ (૩) નીખાલસ (૬) વખાર (૮) તારાજ (૧૦) ભળતું (૧૨) હજ (૧૩) અછોવાના (૧૫) વાજબી (૧૮) ડોડા (૨૦) ડણક (૨૧) બંદર (૨૨) વ્યાધિ (૨૩) વાહ (૨૪) દાસ (૨૫) કાન

ઊભી ચાવી :- (૨) તુવળ (૩) નીર (૪) લતા (૫) સરાહના (૭) ખાતુ (૯) જજ (૧૦) ભજવાડ (૧૧) અછોડો (૧૪) વાડાબંધી (૧૬) જણ (૧૭) બીકણ (૧૯) ફરમાન (૨૨) વ્યાસ

હિંમતનગર આઈ.ટી.આઈ. પાસેના કૂવામાં પડી જતા અસ્થિર મગજની મહિલાનું મોત

હિંમતનગર, તા.૧૦

હિંમતનગરઈડર બાયપાસ પર આઈ.ટી.આઈ. સામે આવેલા એક ખેતરમાં રહેતા પરિવારની અસ્થિર મગજની મહિલાએ શુક્રવારે અગમ્ય કારણોસર ઘરેથી દોડી જઈ કૂવામાં કૂદી પડતા તેણીનું ડૂબી જવાને કારણે મોત નિપજયુ હતું. જોકે પત્નિને બચાવવા કૂવામાં પડેલા પતિ બચી ગયા હતા. જે અંગે ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી છે. જમાદાર લાલાભાઇના જણાવ્યા અનુસાર હિંમતનગર સ્પિનીંગ મીલ નજીક રહેતા સોનલબેન ભવાનભાઈ પરમાર (ઉ.વ.૨૧) છેલ્લા કેટલાક સમયથી માનસિક બિમારીથી પીડાતા હતા. દરમિયાન શુક્રવારે બપોરે સોનલબેને અગમ્ય કારણોસર ઘરેથી દોડતા નીકળી જઈને આઈ.ટી.આઈ. સામે આવેલા કૂવામાં ભૂસકો માર્યો હતો. જે અંગે તેમના પતિ ભવાનભાઈ પરમારને ખબર પડતા બચાવવા માટે તેઓએ પણ દોડી આવ્યા હતા અને કૂવામાં પડી પત્નિને બચાવવા -યાસ શરૂ કર્યા હતા. દરમિયાન આ વિસ્તારમાં રહેતા કેટલાક લોકોએ તરત જ હિંમતનગર ફાયર બ્રિગેડ અને ગ્રામ્ય પોલીસને જાણ કરી હતી. જેથી પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમએ ઘટના સ્થળે આવી બચાવ કામગીરી શરૂ કરી દીધી હતી. પરંતુ સોનલબેનનું પાણી પી જવાને કારણે મોત નિપજયુ હતું.જોકે સદનસીબે ભવાનભાઈ પરમાર બચી ગયા હતા. બીજી તરફ ફાયર બ્રિગેડની ટીમએ મૃતક સોનલબેનને રસ્સીની મદદથી બહાર કાઢયા હતા. ત્યારબાદ ઈજાગ્રસ્ત ભવાનભાઈ પરમારને સારવાર માટે ૧૦૮ દ્વારા હિંમતનગર સિવિલમાં લવાયા હતા. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે ગુનો નોંધી ઘટતી કાર્યવાહી હાથ ધરી હતી.

નવા પદાધિકારીઓ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કાનૂન વિદ્યો સાથે પરામર્શ કરવા જવા રવાના થયાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની છેલ્લા દોઢ વર્ષ જેટલા સમયથી સામાન્ય સભા મળી નથી. આ ચુકાદાની નકલ પણ કોર્પોરેશનના તંત્રને હજુ સુધી મળી નથી તેમજ સામાન્ય સભા બોલાવવા માટે સાત દિવસનો સમય આપવો જરુરી હોવાની જોગવાઈને ધ્યાને લેતાં ૧લી મેના રોજ સામાન્ય સભા બોલાવી અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે તેવું મનાઈ રહ્યું છે.

નામનિર્દિષ્ટ અધિકારી દ્વારા ચુકાદો આવી ગયાનું મેયરના વકીલ શ્રી કમલનયન બ્રહ્મભટ્ટે જણાવ્યું હતું. જો કે ચુકાદા સંદર્ભે અન્ય કંઈ પણ કહેવાનો ઈન્કાર કર્યો હતો. તેમણે કહ્યું કે નકલ આજે મળી અને તેનો અભ્યાસ કર્યા બાદ જ તેઓ કંઈ પણ કહી શકે.

ગાંધીનગર મહાનગરપાલિકાની રચનાની જાહેરાત પણ રાજયના સ્થાપના દિવસે કરાઈ હતી અને હવે નવા મેયર પણ રાજયના સ્થાપના દિવસે મળશે તેમ મનાઈ રહ્યું છે.

એક દિવસીય ધાર્મિક પ્રવાસનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર સિનિયર સિટીઝન કાઉન્સિલ, મહિલા પાંખ અને અખિલ ભારતીય નારી સંરક્ષણ ગૃહ દ્વારા એક દિવસીય ધાર્મિક પ્રવાસ યોજવામાં આવનાર છે. પ્રવાસ આગામી તા. ૧૫ એપ્રિલના રોજ શ્રીનાથજી ખાતે જવા પ્રસ્થાન કરશે અને બીજા દિવસે પરત ફરશે. પ્રવાસમાં જોડાવા ઈચ્છુક બહેનોએ તા. ૧૧ એપ્રિલ સુધી પોતાના નામ શર્મિષ્ઠાબેન દવે, ૨૩૨-૨૪૧૦૦, મીનાબેન શાહ-૯૪૨૯૬૧૧૪૪૮ પાસે નોંધાવવા જણાવ્યું છે.

સુપરસિંગર ઓફ ડીસ્ટ્રીકટ મેગા ફાઈનલ રવિવારે યોજાશે

શહેરમાં સુપર સિંગર ઓફ ડીસ્ટ્રીકટ-૨ ફાઈનલની તડામાર તૈયારીઓ ચાલી રહી છે. પ્રથમ વર્ષની સફળતા બાદ આગામી ૧૨ એપ્રિલે પંદર સ્પર્ધકો વચ્ચે મુકાબલો યોજાશે. ગાંધીનગર જેસીઆઈ દ્વારા સુપર સિંગર ઓફ ડીસ્ટ્રીકટનું સફળ આયોજન કરવામાં આવ્યું છે. ગત વર્ષની સફળતા બાદ સતત બીજા વર્ષે કાર્યક્રમ યોજાયો છે ત્યારે કાર્યક્રમની મેગા ફાઈનલ આગામી ૧૨ એપ્રિલ રવિવારે રાત્રે ૮-૦૦ વાગે ટાઉનહોલ ગાંધીનગર ખાતે યોજાશે.

મેગા ફાઈનલમાં પંદર સ્પર્ધકો સુપરસિંગર ઓફ ડીસ્ટ્રીકટ-૨નો તાજ મેળવવા પોતાના સુરો રેલાવશે મુખ્ય મહેમાન તરીકે ભૂપેન્દ્રસિંહ ચુડાસમા મંત્રી ગુજરાત સરકાર, મહેન્દ્રસિંહ રાણા, મેયર-ગાંધીનગર, રાજીક મકવાણા-ઝોન પ્રેસિડેન્ટ ઉપસ્થિત રહેશે તેમજ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે કલ્યાણી કોઠાળકર- પ્લેબેક સિંગર, પંકિત ડાભી-ઉપ આચાર્યા સમુત્કર્ષ એકેડમી અને ભરત ગજજર મ્યુઝિક કો ઓર્ડિનેટર ઉપસ્થિત રહેશે. સુરોની સાધના સમા કાર્યક્રમમાં નગરજનોને હાજર રહેવા પ્રમુખે આમંત્રણ પાઠવ્યું છે.

તલોદની લક્ષ્મીમીલ પાછળનાં ખેતરમાં આગ ભભુકી ઉઠી ઉભો પાક બળીને ખાખ

તલોદ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે લક્ષ્મી મીલ કંપાઉન્ડ પાછળ આવેલા ૪ વિઘાના ખેતરમાં આજે ભર બપોરે ભયાનક આગ ફાટી નિકળતા અંદાજીત ૯૦ હજારની માલમત્તા બળીને ખાખ થઈ જવા પામી હતી.જેમાં ખેતરમાં તૈયાર થઈ ઉભેલો ઘઉંનો ૨૦૦ મણ પાક અને ૪ ટ્રેક્ટર જેટલા સુકા ઘાસ (પરાળ)ના જથ્થાનો સમાવેશ થાય છે. ખેતર ઉપરથી ભારે વિજ પુરવઠો વહન કરતા વિજ કંપનીના 'ઝુલતા તારમાં ઘર્ષણ થતાં થયેલ શોર્ટ સર્કિટને કારણે ઝરીને ખેતરમાં પડેલા તણખા આગનું કારણ હોવાનું જાણવા મળેલ છે.

હિંમતનગરમાં નરેન્દ્ર મોદી વિચારમંચની બેઠક મળી

હિંમતનગર, તા.૧૦

વડા-ધાન નરેન્દ્ર મોદીના કાર્યો અને યોજનાઓ અંગે લોકોને જાગૃતિ મળે તે આશયથી સ્થપાયેલ નરેન્દ્ર મોદી વિચારમંચની બેઠક શુક્રવારે હિંમતનગર ખાતે યોજાઈ હતી.

આ બેઠકમાં નરેન્દ્ર મોદી વિચારમંચ ગુજરાત -દેશના અગ્રણી બ્રિજેશ પટેલે ઉપસ્થિત રહી કાર્યકરોને નરેન્દ્ર મોદીના વિચારો તથા યોજનાઓ અંગે પ્રજા માહિતગાર થાય તે માટે શું કરવું જોઈએ તેની જાણકારી આપવામાં આવી હતી. આ બેઠકમાં બંટીભાઇ મહેતા, જયેશભાઇ પટેલ, સંજયભાઇ પટેલ, રાકેશભાઇ સોની, ઉપેન્દ્રસિંહ પરમાર, નારાયણભાઇ સગર, ડી.ડી. પરમાર, ઉર્વેશ પટેલ સહિત અન્ય કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં આગામી દિવસોમાં ગામડાઓ અને શહેરોમાં પણ વિચારમંચની ટીમ તૈયાર કરવા માટે ચર્ચા કરાઈ હતી.

પાલનપુર નજીક પૈસાની લેતીદેતીમાં હિંસક હૂમલો

પાલનપુર નજીક આવેલ વડગામ તાલુકાના ઘોડીયાલ જેન્તીભાઈ દલછાભાઈ પ્રજાપતિ તેમના ઘરેથી પાલનપુર આવવા નીકળ્યા હતા. દરમ્યાન વણસોલ ગામના ઈશ્વરભાઈ સાંકળભાઈ સુથાર અને તેમના બેપુત્રોએ જેન્તી પ્રજાપતિની જીપ રોકાવી પૈસાની ઉઘરાણી કરી આવેશમાં આવી આડેધડ હિંસક હૂમલો કરતા તેમને સિવિલ પાલનપુર ખસેડાયા છે.

રાષ્ટ્રીય મતદારયાદી શુદ્ધતા અને અધિકૃતતા કાર્યક્રમ
National Electoral Roll Purification and Authentication Programme (NERPAP)

ભારતના ચૂંટણી પંચે દેશની મતદારયાદીની શુદ્ધતા અને અધિકૃતતા માટેનો કાર્યક્રમ જાહેર કરેલ છે, આ કાર્યક્રમ અન્વયે મતદાર :

(૧) પોતાનો આધારકાર્ડ નંબર મતદારયાદીમાં જોડી શકશે,
(૨) મતદારનું નામ મતદારયાદીમાં એક વિધાનસભા મતવિભાગમાં અથવા એક થી વધુ વધુ વિધાનસભા મતવિભાગમાં એકથી વધુ વખત નોંધાયેલ હોય તો મતદાર જ્યાં સામાન્ય રહીશ હોય તે જગ્યાએ નામ ચાલુ રાખીને અન્ય જગ્યાએથી પોતાનું નામ રદ કરાવવાનું રહેશે કારણ કે,

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

(૩) જો મતદારયાદીમાં નામમાં ભૂલ હોય, જોડણીમાં ભૂલ હોય, સરનામામાં ભૂલ હોય, ફોટો ખોટો હોય, જાતિ ખોટી હોય તો આ તમામ ભૂલો સુધરાવી શકશે,
(૪) તા. ૧-૧-૨૦૧૫ની લાયકાતની ધોરણે ૧૮ વર્ષ પૂરા કરતાં નાગરિકો પોતાનું નામ મતદારયાદીમાં નોંધાવી શકશે.
(૫) મતદારયાદીમાં પોતાના નામની સાથી મોબાઈલ નંબર, ઈ-મેઈલ એડ્રેસ વગેરે જોડી શકશે કે જેથી મતદાનના દિવસે કે મતદારયાદી સુધારણાના કાર્યક્રમ દરમિયાન નામ કમી / સુધારાની નોટીસ વગેરે જેવી માહિતી અને સેવાઓ મેળવી શકશે.

તા. ૧૨-૪-૨૦૧૫, રવિવારના રોજ ખાસ ઝુંબેશ
આપના વિસ્તારના મતદાન મથકોએ
સવારે ૧૦-૩૦ થી સાંજે ૫-૩૦ દરમિયાન
આધાર નંબરની નોંધણી કરાવવી, મતદારયાદીમાં ભૂલ હોય તો તેની સુધારણા, નામ કમી કરવું, નવું નામ ઉમેરવું વગેરે માટેના નિયત ફોર્મ મેળવી શકાશે અને ત્યાં જ પરત આપી શકાશે.

આ માટે મતદારે શું કરવું ?

આધારકાર્ડનો નંબર મતદારયાદી સાથે જોડવા માટે :

(૧) તા. ૧૨-૪-૨૦૧૫, રવિવારના રોજ આપના વિસ્તારના મતદાન મથકનો સંપર્ક કરો.
(૨) ચૂંટણીપંચ, નવી દિલ્હીની વેબસાઈટ www.eci.nic.in ઉપર લોગ ઓન કરીને નેશનલ વોટર્સ સર્વિસ પોર્ટલ (NVSP) ઉપર એન્ટ્રી કરવી.
(૩) ૫૧૯૬૯ ઉપર નીચે જણાવ્યા મુજબ SMS કરવો.
ECILINK <space> EPIC number <space> Adhar number
Example : ECILINK GJX3131078 111122223333
(૪) ૧૯૫૦ ટોલ ફ્રી નંબર ઉપર ફોન કરીને મતદારયાદી અંગેની જાણકારી મેળવી શકાશે અને આધાર નંબરની નોંધણી કરાવી શકાશે.
(૫) બુથ લેવલ અધિકારી (BLO) દ્વારા તા. ૧૫-૪-૨૦૧૫ થી ૧૫-૬-૨૦૧૫ દરમિયાન ઘેર ઘેર ફરીને મતદારયાદીની ચકાસણી કરવામાં આવે ત્યારે આધાર નંબરની નોંધણી કરાવવી.

બુથ લેવલ અધિકારી (BLO) દ્વારા તા. ૧૫-૪-૨૦૧૫ થી તા. ૧૫-૬-૨૦૧૫ દરમિયાન ઘેર ઘેર ફરીને મતદારયાદીની ચકાસણી કરવામાં આવે ત્યારે :

(૧) એક વિધાનસભા મતવિભાગમાં અથવા એકથી વધુ વિધાનસભા મતવિભાગમાં એકથી વધુ વખત મતદારયાદીમાં નામ હોય તો તે રદ કરવા માટે ફોર્મ નં.૭ ભરવું.
(૨) મતદારયાદીમાં ભૂલ હોય તો તે સુધારવા માટે ફોર્મ નં. ૮ ભરવું.
(૩) મતદારયાદીમાં નામ નોંધાવવા માટે ફોર્મ નં. ૬ ભરવું.
(૪) કલેક્ટર કચેરીના મતદાર સુવિધા કેન્દ્ર અથવા ઈ-ગ્રામ સેન્ટર ઉપર પણ ફોર્મ નં. ૮ ભરી શકાય.
(૫) આધાર નંબરની નોંધણી પણ કરાવી શકાશે.

ઉપર જણાવ્યા મુજબના તમામ ફોર્મ નજીકની કલેક્ટર કચેરી, પ્રાંત અધિકારીની કચેરી, મામલતદારની કચેરી ખાતેથી પણ મળી શકશે અને ભરેલા ફોર્મ ઉક્ત કચેરી ખાતે પરત આપી શકશો. આ ઉપરાંત વેબસાઈટ www.ceo.gujarat.gov.in ઉપરથી પણ ડાઉનલોડ કરી શકશો.

માહિતી/૪૧/૨૦૧૫-૧૬ **- મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય.**